પુણ્ના International School

Shree Swaminarayan Gurukul, Zundal

| |
|---|
| SUMMATIVE ASSIGNMENT -1 2020-21 |
| Grade – 7 Subject- GUJARATI |
| Syllabus – CH-1,2,3,4,5 (purak 1,2,3) FROM TEXTBOOK |

**[ READING SECTION]**

**1)** વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**2)** હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સેવાનો તુ, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

પ્રશ્નો : 1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?

2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?

3) કવિ કોને અજવાળવાનું કહે છે ?

4) રસ્તે ચાલતા વચ્ચે શું આવે છે ?

5) કવિ સૌને શું આપવા કહે છે ?

**[WRITING SECTION ]**

## Q . 2 (A) નીચેના વિશે નિબંધ લખો.

1) ચબૂતરો 2) માતૃપ્રેમ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

2) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – ‘ વધારે વજન ઊંચકવું નહિ પડે,’ એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી – ‘પૈસા વધારે ગણવા નહિ પડે’ ગ્રાહકનો જવાબ - બોધ.

## જેવા સાથે તેવા

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યું તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

## [GRAMMAR SECTION]

**Q .3 (A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | લોકો | = | માણસો | 2) | પાત્ર | = | સાધન |
| 3) | ખૂબ | = | વધારે | 4) | પ્રેમથી | = | સ્નેહથી |
| 4) | આંખ | = | નેત્ર | 5) | દરિયો | = | સાગર |
| 6) | નાદ | = | અવાજ | 7) | વૃક્ષ | = | ઝાડ |
| 8) | ફૂલ | = | પુષ્પ | 9) | પગ | = | ચરણ |
| 10) | નવાઈ | = | આશ્ચર્ય | 11) | કિંમત | = | મૂલ્ય |
| 12) | દુનિયા | = | વિશ્વ | 12) | ખબર | = | જાણ |
| 13) | તસ્દી | = | તકલીફ | 14) | આનંદ | = | ખુશી |

(B) નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

1) દિવસ x રાત 3) નાના x મોટા

4) થોડું x વધારે 5) ઉંચો x નીચો

6) પહોળું x સાંકડું 7) નજીક x દૂર

8) અંધારુ x અજવાળું 9) પ્રામાણિક x અપ્રામાણિક 10) જૂઠું x સાચુ 11) વિશ્વાસ x અવિશ્વાસ 12) ફિકર x બેફિકર 13) શક્તિ X અશક્તિ

14) સત્ય X અસત્ય 15) સુખ X દુ:ખ

16) ટેવ X કુટેવ 17) શક્ય X અશક્ય

18) સંગ X કુસંગ

## (C) નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) ચબૂતરો = ચબૂતરો પંખીઓ માટે બનાવવામાં આવે છે

2) છત = ચબૂતરામાં છત હોવાથી પંખી સુરક્ષીત રહે છે

3) પ્રામાણિક = આપણે પ્રામાણિક બનવું જોઇએ.

4) અંધારુ = આજે રસ્તામાં અંધારુ હતું.

5) આનંદ = આજે જમવામાં આનંદ આવ્યો.

6) વન = વનમાં ઘણા બધા ઝાડ હોય છે.

7) ઉતાવળ = આજે મારે ઘણી ઉતાવળ છે.

## (D) નીચેના શબ્દોની જોડણી સુધારો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **1)** | દયાળૂ - દયાળું | | **2)** | ખૂબ - ખુબ | |
| **3)** | પક્ષિ - પક્ષી | | **4)** | મુસ્કેલ - મુશ્કેલ | |
| 5) | આકાસ - આકાશ | | 6) | માછલિ - માછલી | |
| 7) | જાડ - ઝાડ | | **8)** | ગૃહસથ - ગૃહસ્થ | |
| **9)** | સ્થીતી - સ્થિતિ | | **10)** | તબિઅત - તબિયત | |
| **11)** | સૂલોચના - સુલોચના | | | | |

**[LITERATURE SECTION ]**

## Q.4 (A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હતો?

જ) ચબુતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હતો.

2) ચબુતરામાં શું નાંખવામાં આવે છે?

જ) ચબુતરામાં દાણાં નાંખવામાં આવે છે.

3) ચબુતરા ઉપર છત શા માટે બાંધવામાં આવે છે?

જ) પક્ષીઓને ખાવા-પીવાનું મળી રહે અને ગરમી – ઠંડીથી રક્ષણ મળે તે માટે ચબુતરા ઉપર છત બાંધવામાં આવે છે.

4) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે?

જ) પંખીને પાણી પીવા માટે એક પાત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

5) નિસરણીનો શો ઉપયોગ થતો હશે?

જ) નિસરણીનો ઉપયોગ પક્ષીઓને દાણાં – પાણી નાંખવા માટે થતો હશે.

6) કવિ પ્રકૃતિમાં કોના દર્શન કરે છે?

જ) કવિ પ્રકૃતિમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

7) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?

જ) કવિ સરોવરને ભગવાનની આંખ ગણે છે.

8) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?

જ) ઈશ્વર સંતાકૂકડી મેઘધનુષ્યનાં રંગોમાં રમી રહ્યો છે.

9) મોચી ભગત સ્વભાવે કેવા હતા?

જ) મોચી ભગત સ્વભાવે પ્રામાણિક હતા.

10) મોચીભગત નવા ઓજારો ક્યારે વસાવી શક્યા?

જ) મોચીભગત નવા ઓજારો બાર મહિના પછી વસાવી શક્યા.

11) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

જ) આકાશમાં સૂરજ , ચાંદો , તારા , સુંદર દેખાય છે.

12) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?

જ) ગળે પડવાની ટેવ શરદીની બીમારીને વધારે હોય છે.

13) ગુજરાતની ધરા કોનાથી નંદનવન બની છે ?

જ) ગુજરાતની ધરા ગુજરાતીઓના ગૌરવથી નંદનવન બની છે.

14) શાહીનો ખડિઓ કોનાથી ફૂટી ગયો હતો?

જ) શાહીનો ખડિયો સુમંતથી ફૂટી ગયો હતો.

15) શાકવાળો પંકજ સામે શા માટે જોઇ રહ્યો?

જ) પંકજે પ્રામાણિકતા બતાવી એટલે શાકવાળો પંકજ સામે જોઇ રહ્યો.

16) ઇનામની શરત કોને સ્વીકારી ?

જ) ઇનામની શરત પચીસ વર્ષના એક ગરીબ નવજુવાને સ્વીકારી.

17) બાદશાહ શા માટે જાતે બીરબલના ત્યાં આવ્યા?

જ) બીરબલની ખીચડી કેમ ચઢી નથી ? એ જોવા બાદશાહ બીરબલના ઘરે આવ્યા.

## (B) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ચબુતરા વિશે ચાર – પાંચ વાક્યો લખો.

જ) ચબુતરો દરેક ગામમાં હોય છે. ચબુતરો પક્ષીઓને દાણાં નાંખવા માટે બનાવાય છે. લોકો દાનમાં ચબુતરા બંધાવે છે.ચબુતરો ગામની વચ્ચે હોય છે. ચબુતરામાં દાણાં – પાણી નાંખવામાં આવે છે.

2) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ કેવી રીતે વાળ્યો?

જ) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ મોચીનાં ઓજારો સોનાના બનાવીને વાળ્યો

3) માણસના હાથ – પગ વિશે મોચી ભગત શું માને છે?

જ) માણસના હાથ – પગ વિશે મોચી ભગત માને છે કે , " ભગવાને હાથપગ કઈ બેઠા – બેઠા ખાવા માટે નહિ, કામ કરવા આપ્યા છે."

4) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને શો વિચાર આવે છે?

જ) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને વિચાર આવે છે કે " આ સુંદરતાનુ સર્જન કરનાર ભગવાન કેવા હશે?.

5) લેખકે કોકોની વાત વખતે ડોકું શા માટે હલાવ્યુ?

જ) લેખકે કોકોની વાત વખત ડોકું હલાવ્યું , કારણ કે જો પોતે મોઢેથી બોલશે તો ચા અને કોફીની જેમ કોકોય ગુમાવશે.

6) મોચી પરચુરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ શું કહે છે?

જ) મોચી પરચુરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ કહે છે કે, રહેવા દો ભગત,એટલા પૈસાની આપણા તરફથી તમાકુ પીજો.

7) મોચીને ક્યારે દુ:ખ થયુ?

જ) મોચીને દુ:ખ ત્યારે થયુ જ્યારે સાધુ મહારાજે લોખંડના ઓજારો સોનાના બનાવી દીધા.

8) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની કઈ વાતની ખબર ન હતી?

જ) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની એ વાતની ખબર ન હતી કે પેલા સજ્જ્નની બીજી ઈંદ્રિયો કરતાં કાન કંઈક ઓછું કાર્ય કરે છે.

9) સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવુ લેખકને ક્યારે લાગ્યુ?

જ) લેખક જ્યારે સજ્જનને મળે છે ત્યારે લેખકને પૂછે છે કે કેમ તબિયત તો સારી છેને ? ત્યારે સજ્જન કઈક અલગ જ જવાબ આપે છે ત્યારે લેખકને ખબર પડે છે કે જરૂર સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે.

10) શાહીનો ખડિયો કેવી રીતે ફૂટી ગયો ?

જ) બપોરની રિસેસ પૂરી થઇ એટલે બધા છોકરાઓ ધક્કા મારતા વર્ગમાં જવા લાગ્યા. સુમંત પણ પોતાના વર્ગમાં જતો હતો. એવામાં સુમંતને બીજા છોકરાનો ધક્કો વાગતા તે ટેબલ સાથે અથડાયો એટલે ટેબલ પર પડેલો શાહીનો ખડિયો ફૂટી ગયો.

11) અશ્વિને એક અંધ વ્યક્તિની મદદ કેવી રીતે કરી ?

જ) અશ્વિન રસ્તા પર જતો હતો. ત્યાં ઘોડાગાડી તથા મોટરની ધમાલ હતી એક અંધ વ્યક્તિ રસ્તો પસાર કરવા માંગતો હતો પણ કોઇ તેની મદદ કરતુ હતુ નહિ. અશ્વિન તેની જોડે ગયો અને હાથ પકડીને રસ્તો પસાર કરાવ્યો.

12) દીપા ઘરમાં કેવી મદદ કરતી હતી ?

જ) દીપા વહેલી ઊઠી બાને કચરો કાઢવામાં મદદ કરે વાસણ ધોવામાં માદદ કરે. દાદીમાને દેવસેવા માટે ફૂલ લાવી આપે. નાહીધોઇને પોતાના પાઠ વાંચે અને નાનાભાઇને પોતાની પાસે બેસાડી રમાડે. આમ દીપા ઘર્માં આવી મદદ કરતી.

13) બાદશાહ શાથી આશ્ચર્યમાં ડૂબી ગયા?

જ) બાદશાહે બીરબલનાં વાડામાં એક દ્રશ્ય જોયું ત્રણ વાંસને જમીન પર ઊભા રાખીને એ ત્રણેયને મથાળે એકસાથે બાંધ્યા હતાં. બાંધેલા વાંસની અધવચ એક હાંડલી ટાંગી હતી. નીચે જમીન પર ચૂલો સળગાવ્યો હતો. બીરબલ આ ખીચડી ચડવાની આશાએ બેઠો હતો. આ દ્રશ્ય જોઇને બાદશાહ આશ્ચર્યમાં ડૂબી ગયા.